**DATE: 19/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચમાં શ્રાવણમાં જુગારની બદી ફૂલીફાલી

# કટાશાબાવાની દરગાહ પાસે મહિલા જુગારી સહિત 5 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના મારૂતીનગર શેખ કટાશા બાવાની દરગાહ પાસે જુગાર રમતી મહિલા સહિત પાંચ જણાને એલસીબીએ ઝડપી પાડ્યાં હતાં.

ભરૂચ એલસીબીમાં ફરજ બજાવતાં વુમન હેડ કોન્સ્ટેબલ અરૂણા ટીમ સાથે નાઈટ પેટ્રોલિંગમાં હતાં. તે વેળાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, ભરૂચના મારૂતીનગર શેખ કટાશા બાવાની દરગાહ પાસે કેટલાંક શખ્સોએ જાહેરમાં જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે તેમણે ટીમ સાથે સ્થળ પર દરોડો પાડતાં સ્ટ્રીટ લાઈટના થાંભલા નીચે કેટલાંક શખ્સો જુગાર રમતાં હોવાથી તેમણે દરોડો પાડી જુગાર રમતાં યુનુસ મજીદ શેખ, લુકમાન ગુલામ દિવાન, યુસુફ વલી શાહ દિવાન, શોકત વલીશાહ દિવાન તેમજ હસીના બશીર દિવાનને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેથી રોકડા 46 હજાર સહિતનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી તમામની ધરપકડ કરી હતી.

**DATE: 19/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# જંબુસરમાં સગીરાને ભગાડી જનારો ઝડપાયો

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લાના જંબુસર પોલીસ મથકમાં નોંધાયેલાં પોક્સો એકટના ગુનામાં સગીર બાળ સાથે આરોપીને જબુંસર પોલીસે ગણતરીના કલાકોમાં જ પકડી પાડયો હતો.જંબુસરમાંથી સગીર બાળાને આરોપી પતાવી ફોસલાવી પોતાની સાથે ભગાડી તેના પર દુષ્કર્મ આચનાર આરોપી ડાભા સર્કલ નજીક છે. જેથી ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી આરોપીને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડ્યો હતો. પોલીસે બાળાને તેના વાલી વારસોને સોંપી આરોપી વિરુધ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 19/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**



# હોસ્પિટલના ખંડેરમાં સંતાડેલો દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના રાવળીયાવાડના ટેકરા વિસ્તારમાં રહેતાં જીજ્ઞેશ રાવળે ત્યાં નજીકમાં ખંડેર થઇ ગયેલી હોસ્પિટલમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડ્યો હોવાની બાતમી મળતાં એ ડિવિઝન પોલીસે દરોડો પાડયાં હતાં. જેમાં બે બેગમાં દારૂની અલગ અલગ બ્રાન્ડની 128 જેટલી બોટલો મળી આવી હતી. બુટલેગર ફરાર હોવાથી તેને વોન્ટેડ જાહેર કરાયો છે. સ્થળ પરથી 20 હજારનો દારુ જપ્ત કરાયો છે અને આરોપીને ઝડપી પાડવા કવાયત શરૂ કરાઈ છે.

**DATE: 20/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# નેત્રંગમાં દારૂ સાથે ખેપિયો ઝડપાયો


પ્રદીપ ગુર્જર

નેત્રંગ: નેત્રંગ પોલીસ પેટ્રોલિંગમાં હતી. એ વેળા ચાસવડ તરફથી નેત્રંગ ચાર રસ્તે આવી રહેલી મોપેડ નં.(જીજે ૧૬ ડી.એલ. ૫૧૨૫)ના ચાલક રણજીત વસાવા (રહે., પારડી ફળિયું, ધારોલી, તા.ઝઘડિયા)ને અટકાવી તપાસ કરતાં થેલામાંથી ૧૦,૯૦૦નો દારૂ મળ્યો હતો. આ વિદેશી દારૂ ઉમરપાડાના ગોવાંટના ચંદ્રેશ વસાવાએ આપ્યો હોવાથી ચંદ્રેશને વોન્ટેડ જાહેર કર્યો હતો.

# પાનોલી પોલીસને ત્રણ મહિનાથી હંફાવનારો ગૌમાંસનો આરોપી ઝડપાયો



હથોડા: સુરત ગ્રામ્ય એસઓજીની ટીમે સંયુક્ત રાહે બાતમીના આધારે કોસંબા હાઇવે ઓવરબ્રિજ પાસેથી છેલ્લા ત્રણ માસથી ગૌવંશ અને ગૌમાંસના ગુનામાં નાસતા ફરતા આરોપી ઇમરાન ઐયુબ ભૈયાત (ઉં.વ.37) (રહે., ભાદીગામ, તા.અંકલેશ્વર)ને ઝડપી પાડ્યો હતો. ગત 22/5/2024ના રોજ પાનોલી પોલીસમથકમાં ગુનો નોંધાયો હતો, જેમાં આરોપીઓ ગૌમાંસનો જથ્થો 320 કિલોગ્રામ, ગાયો અને વાછરડા 12 નંગ અને કતલ કરવાનાં સાધનો સાથે પકડાયાં હતાં. જ્યારે ઇમરાન ઐયુબ આ ગુનામાં વોન્ટેડ હતો.

**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### દિલ્હી મુંબઇ એક્સપ્રેસ વે પર દહેગામ ટોલનાકા પાસેથી પકડ્યાં

# બોરસદથી ટેમ્પોમાં 16 પશુઓ ભરીને ધૂલિયા જતાં ડ્રાઈવર-ક્લીનર ઝડપાયા

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકા પોલીસને કન્ટ્રોલ રૂમમાંથી વર્ધી મળી હતી કે, વડોદરાં પાર્સિંગના એક ટેમ્પોમાં પશુઓની હેરાફેરી થઈ રહી છે. અને ટેમ્પો નવા દિલ્હી-મુંબઈ એક્સ્પ્રેસ વે પર થઈને દહેગામ ટોલનાકા પાસે આવનાર છે. જેના પગલે ભરૂચ તાલુકા પોલીસની ટીમે ટોલનાકા પર વોચ ગોઠવી હતી. દરમિયાનમાં બાતમી મુજબનો ટેમ્પો આવતાં તેમણે ટેમ્પોને સાઈડમાં કરી ટેમ્પો ડ્રાઈવર તૌસીફ ગુલલામ વ્હોરા (રહે. વલણ, કરજણ) તેમજ ક્લિનર અફઝલ અકબર ટોપીવાલા (હાલ રહે વલણ, મુળ રહે.ડુંગરી રોહિતવાસ, ભરૂચ)ની પુછપરછ કરી ટેમ્પોમાં શું છે પુછતાં તેઓએ ગલ્લા તલ્લા કર્યાં હતાં. જોકે, પોલીસે તેમના ટેમ્પોની તાડપત્રી તેમજલાકડાના પાટિયા હટાવી જોતાં તેમાં ખીચોખીચ રીતે ટૂંકા દોરડાથી બાંધેલી ભેંસો હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે ટેમ્પોને રોડની સાઈડમાં કરી ચેકિંગ કરતાં તેમાં અંદાજે 5થી 6 વર્ષની 16 ભેંસને ઘાસચારો કે પાણીની સગવડ વિના ટૂંકા દોરડાથી બાંધીનેલઈ જવાતી હોવાનું જણાયું હતું. ટીમે તેમની પાસેથી પશુઓની હેરાફેરી અંગેના દસ્તાવેજોની માંગણી કરતાં તેમની પાસેથી કોઈ કાગળિયા મળ્યાં ન હતાં. જેના પગલે ટીમે એક ભેંસના 15 હજાર લેખે કુલ 2.40 લાખની મત્તાની 16 ભેંસોને ભરૂચના જેબી મોદી પાર્ક પાસે આવેલાં પાંજરાપોળ ખાતે ખસેડવાની કવાયત હાથ ધરી હતી. ટીમે તેઓ ભેંસો ક્યાંથી લાવ્યાં અને ક્યાં લઈ જતાં હતાં તેની વિગતો પુછતાં તેમણે જણાવ્યું હતું કે, બોરસદથી ભરૂચના કહાન ગામના ઐજાજ હુસેન યાકુબ ધારીયાએ તેમના ટેમ્પોમાં ભેસ ભરાવી આપી હતી. જે મહારાષ્ટ્રના ધૂલિયા ખાતે ભરાતાં બજારમાં વેચવા માટે લઈ જતાં હતાં. ટીમે ભેંસો તેમજ ટેમ્પો તથા એક મોબાઈલ મળી કુલ 7.51 લાખનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણેય વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 20/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

### સ્થાનિકોએ ઝડપી લઈને પોલીસને હવાલે કર્યો

# ઝઘડિયામાં ટ્રકની ચોરી કરવાની પેરવી કરતો ચોર રંગેહાથ પકડાયો

## જીપીઆરએસ સિસ્ટમ હોઈ ટ્રક ચાલુ થવાનો મેસેજ આવ્યો

। ઝઘડિયા ।

ઝઘડિયા ખાતે ઘરની બહાર પાર્ક કરીને મુકેલ ટ્રકને ધોળે દહાડે ચોરીને લઈ જવાની કોશિશ કરનારને ટ્રક માલિક સહિત સ્થાનિકોએ ઝડપી લઈને પોલીસને હવાલે કર્યો હતો.

આ અંગે ઝઘડિયા પોલીસમાંથી મળતી વિગતો મુજબ ઝઘડિયાના રાજપારડી રોડ પર રહેતા વિજયભાઈ ભરતભાઈ પટેલ પાસે તેમની માલિકીની એક ટ્રક છે,જેને તેઓ ઘરની સામે પાર્ક કરે છે.ટ્રકમાં જીપીઆરએસ સિસ્ટમ કાર્યરત કરેલ છે. ગતરોજ તા.૧૮ મીના રોજ સવારના નવ વાગ્યાના અરસામાં જીપીઆરએસ સિસ્ટમ મુજબ તેમના મોબાઈલમાં ટ્રક ચાલુ થવાનો મેસેજ આવ્યો,તેથી વિજયભાઈ ટ્રકને જોવા ઘરની બહાર આવ્યા ત્યારે ટ્રકમાં કોઈ અજાણ્યો ઈસમ બેઠેલો હતો અને તે ટ્રક લઈ જવાની તૈયારીમાં જણાતો હતો. વિજયભાઈએ ટ્રક નજીક જઈને તેને પુછતા તેણે કહ્યું કે મારી ટ્રક છે અને હું ચા પીવા ગયો હતો હવે ટ્રક ભરવા જાઉં છું. આ સાંભળીને વિજયભાઈએ તેને ટ્રકમાંથી નીચે ઉતાર્યો હતો. આ દરમિયાન આજુબાજુના બીજા માણસો પણ ભેગા થઈ ગયા હતા. આ ઈસમને તેનું નામ પુછતા તેનું નામસુનિલ સુરસીંગ જોગી હાલ રહે.ચંદનીયા પેટ્રોલ પંપની બાજુમાં ઉમલ્લા અને મુળ ગરુડેશ્વર તાલુકાના મોટી રાવલ ગામનો રહીશ હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ ટ્રક માલિક વિજયભાઈ પટેલે ટ્રક લઈ જવાની કોશિશ કરનાર સદર ઈસમને ઝઘડિયા પોલીસને સોંપીને તેના વિરૂધ્ધ ફરિયાદ લખાવી હતી.

**DATE: 20/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# અંકલેશ્વરમાં વાહન ચેકીંગ દરમિયાન રીક્ષા ચાલક તલવાર સાથે ઝડપાયો

અંકલેશ્વર, તા. ૧૯

અંકલેશ્વરના વાલિયા ચોકડી વિસ્તારમાં રિક્ષામાં મારક તલવાર સાથે એક ઈસમ વાહન ચેકિંગ દરમ્યાન અંકલેશ્વર બી ડિવિઝન પોલીસના હાથે ઝડપાય જતા પોલીસે તલવાર તેમજ રીક્ષા કબ્જે કરી તેનાં વિરૂધ્ધ જાહેરનામાના ભંગ બદલનો ગુનો દર્જ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અંકલેશ્વર શહેર બી ડીવીઝન પોલીસ ગત રાત્રે ડીસન્ટ હોટલની સામે વાહન ચેકીંગમા હાજર હતા તે દરમ્યાન પ્રતીન હોટલ તરફથી ઓટો રીક્ષા (નં.જીજે-૧૬-એ.ટી.-૮૩૪૧) આવતા શંકાસ્પદ લાગતા તેને રોકી રીક્ષા ચાલક કવલજીતસીગ દિલીપસીંગ ટાંક રહે. ઝાડેશ્વર,ભરૂચની રીક્ષામાં તપાસ કરતા રીક્ષાની પાછળની શીટમાંથી એક તલવાર મળી આવી હતી જે અંગે તે કોઈ ખાસ ખુલાસો ન કરી શકતા પોલીસે મારક હથીયાર તલવાર પોતાના કબ્જાની રીક્ષામા રાખવા બદલ ડી.એમ.ના જાહેરનામાના ભંગ બદલ અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 20/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# અંકલેશ્વરની બ્રહ્મકુમારીઝ સંસ્થાની બહેનોએ પોલીસ જવાનોને રાખડી બાંધી



**અંકલેશ્વર** | અંકલેશ્વર કેદી અને પોલીસ જવાનો ખાતે અંકલેશ્વરની બ્રહ્મકુમારીઝ સંસ્થાની બહેનોએ રક્ષાબંધનના તહેવારમાં પણ પોલીસ જવાનો ખડેપગે ફરજ પર હાજર રહીને લોકોની સેવા કરતા પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓ ને રાખડી બાંધી 24 કલાક ખડેપગે કામ કરતા પોલીસ જવાનોની કામગીરીને બિરદાવી હતી. બીજી તરફ બ્રહ્મકુમારીઝ સંસ્થાની બહેનોએ અંકલેશ્વર શહેર એસટી ડેપો ના ડેપો મેનેજર સહીત ડ્રાઈવર કંડકટરો અને કર્મચારીઓ ને રાખડી બાંધી રક્ષાબંધ ની ઉજવણી કરી હતી.

**DATE: 23/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-04**

# અંકલેશ્વરમાં જુગાર રમતી મહિલા સહિત 3 ઝડપાયાં

અંકલેશ્વરઃ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસને બાપુનગર ઓવરબ્રિજ પાસે ઝૂપડપટ્ટીમાં જુગાર રમાતા હોવાની બાતમી મળતાં દરોડા પાડ્યા હતા. જ્યાંથી રોકડા મળી કુલ રૂ.૧૨ હજારથી વધુના મુદ્દામાલ સાથે હેમાબેન ઉર્ફે ગજરી કનુ સોલંકી, યુસુફ નવાબ અને ગુલામમુરતુફા ઉર્ફે મરસ્તાન પીરૂ મલેકને ઝડપી પાડ્યા હતા.

**DATE: 23/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# પ્રોહિબિશનના ગુનામાં ફરાર આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ આર.કે.ટોરાણી સહિત સ્ટાફ અંકલેશ્વર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે અંકલેશ્વર અને ડેડીયાપાડા પોલીસ મથકના પ્રોહિબિશન એક્ટ ના ગુનામાં સંડોવાયેલ આરોપી નવાગામ બસ સ્ટેશન પાસે ઉભેલ છે. પોલીસે વોચ ગોઠવી નવાગામ કરારવેલ ગામના મંદિર ફળિયા રહેતો મિતેષ ઉર્ફે કાલુ વસાવાને ઝડપી પાડી તેને તાલુકા પોલીસ મથકને હવાલે કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 23/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### શ્રાવણિયા જુગાર પર પોલીસની બાજ નજર

# ઝઘડિયા તાલુકાના ભાલોદ ગામેથી ૫ જુગારિયા ઝડપાયા

। ઝઘડિયા ।

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝઘડિયા તાલુકાના રુંઢ (ભાલોદ) ગામે જુની દુધ ડેરી પાછળ ખુલ્લી જગ્યામાં જુગાર રમતા પાંચ આરોપીઓને કુલ રૂપિયા ૧૩,૩૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

લોકલ ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ આર.કે.ટોરાણી ટીમ સાથે ઝઘડિયા તાલુકાના રાજપારડી પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન બાતમી મળેલ કે રુંઢ (ભાલોદ) ગામે જુની દુધ ડેરી પાછળ આવેલ ખુલ્લી જગ્યામા બેસીને કેટલાક ઈસમો પૈસાથી પત્તા પાનાનો હારજીતનો જુગાર રમે છે.

એલસીબીની ટીમે મળેલ બાતમી મુજબના સ્થળે જઈને રેઈડ કરીને ઘટના સ્થળેથી કુલ રૂપિયા ૧૩,૩૮૦ના મુદ્દામાલ સાથે નારણભાઈ સોમાભાઈ માછી રહે. ભાલોદ તા.ઝઘડિયા, સોમાભાઈ રણછોડભાઈ વસાવા રહે. રુંઢ (ભાલોદ) તા. ઝઘડિયા, ગોપાલભાઈ મોહનભાઈ માછી રહે. ભાલોદ તા. ઝઘડિયા, નટવરભાઈ જેન્તીભાઈ વસાવા રહે. રુંઢ (ભાલોદ) તા. ઝઘડિયા તેમજ રાહુલભાઈ બાબુભાઈ વસાવા રહે. રુંઢ (ભાલોદ) તા. ઝઘડિયાને ઝડપી લઈને રાજપારડી પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો.

**રૂા. ૧૩,૩૮૦નો મુદ્દામાલ જપ્ત કરાયો**

**DATE: 23/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ગુમાનદેવ બ્રિજ પાસે તબેલામાં વસવાટ કરતો હતો

# પોલીસને 17 વર્ષથી ચકમો આપી ફરતો આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં મહિલા પર અત્યાચાર ગુજારવાના ગુનામાં 17 વર્ષથી ફરાર આરોપીને લોકલ ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડયો છે. આરોપી સામે 2008માં એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં 498 સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો અને ત્યારબાદથી તે ફરાર હતો.એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાનો આરોપી અલ્લાબક્ષ ઉર્ફે વસંત યુસુફ સમમા ગુમાનદેવ બ્રિજ પાસે તબેલા પર રહે છે અને હાલમાં અંકલેશ્વર ત્રણ રસ્તા સર્કલ પાસે જોવા મળ્યો હોવાની માહિતી એલસીબીને મળતાં વોચ ગોઠવવામાં આવી હતી અને આરોપીને ઝડપી લેવાયો હતો. આરોપી 17 વર્ષથી ક્યાં છુપાયેલો હતો અને શું કામ કરતો હતો તેની વિગતો મેળવવામાં આવી રહી છે.એલસીબીએ આરોપીને વધુ તપાસ માટે એ ડિવિઝન પોલીસના હવાલે કર્યો છે. આરોપીનો કબજો મેળવીને એ ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 23/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

### કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા કવાયત

# અંકલેશ્વરમાં પોલીસ અને ગણેશ મંડળોની બેઠક યોજાઇ

। અંકલેશ્વર ।

અંકલેશ્વરમાં ગણેશ મહોત્સવ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી પોલીસ અને ગણેશ મંડળો વચ્ચે બેઠક યોજાય હતી.

દુંદાળાદેવની આરાધનાના પર્વ ગણેશ મહોત્સવનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે ત્યારે ગણેશ મહોત્સવ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે અંકલેશ્વર એ ડિવિઝન પોલીસ મથક ખાતે અગત્યની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગણેશ ઉત્સવ સમિતિના આગેવાનો તેમજ વિવિધ ગણેશ મંડળોના સભ્યો હાજર રહ્યા હતા. અંકલેશ્વર વિભાગીય પોલીસવડા ડોક્ટર કુશલ ઓઝાની અધ્યક્ષતા હેઠળ મળેલી બેઠકમાં ગણેશજીની આગમન યાત્રા અને ત્યાર બાદ દશ દિવસ સુધી ચાલનાર ગણેશ મહોત્સવ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ગણેશ મહોત્સવ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે વિવિધ સૂચનો પોલીસ દ્વારા કરવામાં આવ્યા હતા તો ગણેશ મંડળના પ્રશ્નોનું નિરાકરણ લાવવાની પોલીસે ખાતરી આપી હતી.

**ગણેશ મંડળનાં પ્રશ્નોનું નિરાકરણ લાવવા ખાત્રી આપી**

**DATE: 23/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

### ભરૂચ ખાતે વિઝા અને કાયમી રહેવાની લાલચ આપી

# રૂા. ૩ કરોડની છેતરપિંડી કરનાર પિતા અને પુત્ર રાજકોટથી ઝડપાયા

। ભરૂચ ।

ભરૂચ પોલિસ એલસીબીએ મળેલી બાતમીના આધારે ભરૂચ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ વિઝા આપવા તેમજ પરદેશમાં કાયમી રહેવાની લાલચ આપી આશરે રૂા. ૩ કરોડથી વધુની છેતરપિંડી કરી હોવાનો બનાવ એક વર્ષ પહેલાં બનતાં તેની પોલીસ ફરિયાદ પણ નોંધાઈ હતી. આજરોજ આ છેતરપિંડી કરનારા આરોપી પિતા-પુત્રને ભરૂચના LCB પીએસઆઈ ડી. એ. તુવર અને તેમની ટીમે રાજકોટ ખાતેથી ઝડપી પાડ્યા હતા.

બનાવની મળતી વિગતો અનુસાર એક વર્ષ અગાઉ ભરૂચ બાયપાસ રોડ પર મીરા ઈન્ટરનેશનલ એજ્યુકેશન નામની ઓફીસ ખોલી વિદેશ જવા ઈચ્છતા લોકોને વિદેશમાં ભણતર અંગેના વિઝા તેમજ કાયમી વીઝા બનાવી આપવાનું અને તેમાંય ખાસ કરીને યુકે અને કેનેડા જેવા દેશોમાં સેટલ કરવા અંગે પ્રલોભન આપવામા આવતુ હતુ. જ્યાં કાયમી રહેવાની પણ વ્યવસ્થા કરી આપવાનું વચન આપી ઘણા લોકો પાસેથી મોટી રકમ ઉઘરાવી હતી. જે રૂા. ૩ કરોડ જેટલી થઈ હતી. એકાદ વર્ષ પહેલા બનેલા આ કૌભાંડમાં ઝાડેશ્વર, ચામુંડા મંદીર પાસે રહેતાં ભાવિન પરમાર અને તેના પાલક પિતા ગુણવંત નગીન કવૈયાના નામ મુખ્ય આરોપીઓએ તરીકે ખુલ્યા હતા જે આ બનાવમાં છેતરપીંડીની ફરિયાદ થતાં ફરાર થઈ ગયા હતા.

ત્યારબાદ આ બનાવની તપાસ કરતા LCB ના પીઆઈ એમ પી વાળા અને તેમની ટીમને બાતમી મળી હતી કે આરોપીઓ રાજકોટ ખાતે છે. તેથી તેમની ટીમે રાજકોટ ખાતે જઈ સઘન તપાસ કરી રાજકોટના રૈયા ઘાટ પરથી બંને આરોપી પિતા-પુત્રને ઝડપી પાડ્યા હતા. આ બનાવમાં તપાસ દરમીયાન વધુ આરોપીઓના નામ ખૂલે તેવી સંભાવના છે. આ છેતરપીંડી કરનારા પિતા અને પુત્રની જાળમાં ઘણા લોકો ફસાયા હોવાની વિગતો સાપડી છે.

**DATE: 24/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# માલપુર ગામે 6 ખેલી ઝબ્બે, 12 હજારનો મુદ્દામાલ જપ્ત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસર તાલુકાના માલપુર ગામે ગોપી તળાવ પાસે સ્ટ્રીટ લાઈટ નીચે જામેલી જુગારની મહેફિલ પર કાવી પોલીસે દરોડો પાડ્યો હતો. ટીમે કમલેશ માછી, અજય રાઠોડ, સુનિલ રમેશ માછી, રવિદાસ ભાલીયા, જગદીશ રાઠોડ તેમજ પ્રવિણ રાઠોડને ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેથી રોકડા 11,730 જપ્ત કરી તમામ વિરૂદ્ધ જુગાર ધારા હેઠળ ગુનોનોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 25/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# અઢી વર્ષે આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના કાવીથી કપાસ ભરી ભાવનગરમાં આવેલા માર્કેટમાં બારોબાર વેચી કાઢી અંદાજીત રૂ.આઠ લાખ લઈને છેતરપિંડી કરી ભાગી ગયેલા ઈસમને અઢી વર્ષ બાદ ભરૂચ પેરોલ ફર્લો સ્કોડની ટીમે ઝડપી ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. મહેશ પુનાભાઈ બલદાણીયાએ અઢી વર્ષ પહેલાં કપાસનો જથ્થો ભરીને મહેસાણાના કડી ખાતે આપવા જવાનો હતો.પરતું તેણે કપાસ બારોબાર વેચી નાખ્યો હતો.

**DATE: 25/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### પતિના અવસાન બાદ મહિલા અને તેની દીકરી દાદા સાથે રહેતા હતાં

# ભરૂચમાં માતા અને પુત્રીને હેરાન કરતાં દાદા પાસે અભયમની ટીમે માફી મંગાવી

ભાસ્કર ન્યુઝ | ભરૂચ

ભરૂચ અભયમની ટીમને માતા પુત્રીને દાદા હેરાન કરી રહ્યા હોવાનો ફોન આવતા અભયમની ટિમ દ્વારા દાદાને સમજણ આપીને આગળ કોઈ પણ પ્રકારે હેરાનગતિ ન થાય તેની તકેદ કરવામાં આવી હતી. ભરૂચ જિલ્લામાંથી 181 અભયમ ને ફોન આવતા તેમના પિતા મરણ પામેલ છે જેથી ઘરમાં માતા અને બે દીકરીઓ એકલા રહીએ છીએ એકલા પણનો ફાયદો ઉઠાવી મહિલાના દાદા રોજ માતાને ખરાબ શબ્દ બોલી હેરાનગતિ કરે છે અને પીડીતાને અને પીડીતાની નાની બેનને પણ અપશબ્દો બોલી ખરાબ વર્તન કરે છે પીડીતા જણાવે છે મારા ઘરમાં કોઈ છે નથી અમે મા દીકરીઓ એકલા રહીએ છીએ મજૂરી કામ કરીએ છે

જેથી તેમના દાદા મારી મમ્મી પર નજર બગાડે છે અને મારી મમ્મી કંઈ પણ કહેવા જાય તો દાદા ઘરની બહાર કાઢી મૂકવાની ધમકી આપે છે અને કહે છે આ મારું ઘર છે હુ કહીશ તેમ જ થશે તમારો આ ઘરમાં કોઈ હક નથી જેનો હક હતો એ મરી ગયો..તમે આ ઘરમાંથી નીકળી જાઓ આવું વારવાર બોલે છે પીડીતા જણાવે છે,જેથી 181 અભયમ દવારા પીડીતા ના દાદા નું કાઉન્સિલિંગ કર્યું ત્યારબાદ પીડીતાના દાદાને કાયદાકીય સમજ આપી ગામના સરપંચ ને બોલાવી આ બાબતે સરપંચ ને જાણ કરી દાદા પાસે માફીપત્ર લખાવડાવ્યું હતું.

**DATE: 25/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# અંકલેશ્વરથી ઉમરવાડા રોડથી ગાંજાના ગુનામાં વધુ એક આરોપી ઝડપાયો

અંકલેશ્વર તા.૨૪

અંકલેશ્વરથી ઉમરવાડા રોડ ઉપર ગુજરાત ગેસ કંપની પાસેથી ગત એપ્રિલ માસમાં કારમાં ૪૯ કિલોથી વધુ ગાંજાના જથ્થા ઝડપાવવાના ગુનામાં એસ ઓ જી પોલીસે વધુ એક ઈસમને ઝડપી પાડ્યો હતો.આ અગાઉ એક આરોપીની ઘટના સ્થળેથી ધડપકડ થઈ હતી.

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે ગત તા.૧૬ એપ્રિલ ૨૦૨૪ના રોજ નાઈટ પેટ્રોલિંગ દરમિયાન અંકલેશ્વરથી ઉમરવાડા રોડ ઉપર ફોર વ્હીલ ગાડી માંથી ગાંજાનો ૪૯.૪૧૦ કિલો ગ્રામ જથ્થા સાથે અંકલેશ્વરની ફૈઝ પાર્ક સોસાયટીમાં રહેતો સમીર મજીદ રાઠોડને ઝડપી પાડ્યો હતો. દરમ્યાન આ ગુનામાં ગાંજો સપ્લાય કરનાર ભરૂચની દહેગામ ચોકડી વિસ્તારમાં રહેતો ઈમ્તિયાઝ ઉર્ફે રાજન અબ્દુલ હક્ક પઠાણની ભરૂચ એસ ઓ જી પોલીસે આજે અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 25/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-03**

### ભરૂચની સંસ્કાર ભારતી વિદ્યાલય ખાતે કાર્યક્રમ યોજાયો

# વિદ્યાર્થિનીઓને જાતીય સતામણીનો પ્રતિકાર કરવા અંગે જાણકારી અપાઈ

## ભરૂચ પોલીસે વિદ્યાર્થિનીઓને વિસ્તૃત માહિતી આપી

। ભરૂચ ।

ભરૂચની સંસ્કાર ભારતી વિદ્યાલય ખાતે પોલીસ તંત્રના સહયોગથી એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં વિદ્યાર્થીનીઓને જાતીય સતામણીના સમયે કેવી રીતે પ્રતિકાર કરવો તે અંગે માહિતગાર કરવામાં આવી હતી. યુવતીઓ અને મહિલાઓ સાથે બનતી છેડતી, પીછો અને હેરાનગતિ જેવા બનાવોમાં યુવતીઓ શું કરવું? ક્યારે અને કેવા પગલા ભરવા પોતાની સુરક્ષા અંગે લેવા જોઈએ તેની ભરૂચ પોલીસે વિદ્યાર્થીનીઓને વિસ્તૃત માહિતી આપી હતી.

ભરૂચની સંસ્કાર ભારતી વિદ્યાલયમાં ભરૂચ પોલીસ દ્વારા આયોજીત માર્ગદર્શન સેમિનારમાં વિદ્યાર્થીનીઓને આવી પરિસ્થિતિમાં ભય વગર કેવા પગલા ભરવા તેની માહિતી આપવામાં આવી હતી. જેથી જોખમને ટાળી શકાય છે તે અંગેની માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ભરૂચ જિલ્લા પોલીસ તંત્રના પીઆઈ નિતીન ચૌધરી અને બી.આર. ચુડાસમા સાથે સાયબર ક્રાઈમના હેડ કોન્સ્ટેબલ મલકેશ ગોહિલની ટીમે માર્ગદર્શન શિબિરનું આયોજન કર્યુ હતુ. આ શિબિરમાં પોલીસ અધિકારીઓએ વિદ્યાર્થીનીઓને વિવિધ અનુચિત સંજોગોમાં કયા અને કેવા પગલા ભરવાથી હુમલા અને જાતીય સતામણીના બનાવો ટાળી શકાય છે, તેની સઘન માહિતી પુરી પાડવામાં આવી હતી. આ સેમિનારમાં ત્રણ બાબતોને ખાસ મહત્વ આપવામાં આવ્યુ હતુ. ટ્રાફીક અંગે જાગૃતિના અભાવે થતા અકસ્માત, બાળકીઓની સતામણી અને સાયબર ક્રિમિનલ દ્વારા થતા બ્લેકમેલીંગના કિસ્સાઓમાં શું પગલા ભરવા જોઈએ? તે અંગે વિસ્તૃત માહિતી ડેમો સાથે આપવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્યા શેલજા સીંગે જણાવ્યુ હતુ કે, અભ્યાસ ઉપરાંત બાળકોમાં સુરક્ષા અને સલામતીના પગલાઓની જાણકારી હોવી જરૂરી છે.

**DATE: 25/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# અંકલેશ્વર નેશનલ હાઈવે નજીક આવેલા ગોડાઉનમાંથી કોલસા ચોરીનું કૌભાંડ ઝડપાયું

અંકલેશ્વર તા. ૨૪ અંકલેશ્વર નેશનલ હાઈવેને અડીને આવેલા ગોડાઉનમાંથી ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે કોલસા ચોરીનું કૌભાંડ ઝડપી લીધુ હતુ.

## ટ્રક સહિત કુલ રૂ.૬૯.૨૩ લાખના મુદ્દામાલ સાથે ૭ આરોપીની ધરપકડ કરાઈ

સુરતના મગદલ્લા પોર્ટથી દહેજની જીએસીએલ કંપનીમાં આ કોલસો પહોંચાડવાનો હતો.જોકે માર્ગમાં જ કોલસા માફિયાઓ ટ્રક ચાલકો સાથે સાંઠગાંઠ કરી કોલસા ચોરીને અંજામ આપી રહ્યા હતા.હાલ પોલીસે કુલ રૂ.૬૯.૨૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરીને ૭ આરોપીની ધરપકડ કરી હતી.

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ અંકલેશ્વરમાં પેટ્રોલિંગમાં હતી,તે દરમિયાન બાતમીને આધારે નેશનલ હાઈવેને અડીને આવેલા શ્યામ એન્ટરપ્રાઈઝ કરશન ગોવિંદભાઈ રંગપરા ગોડાઉન પર દરોડા પાડયા હતા. એલસીબીના દરોડામાં ટ્રકમાંથી કોલસા ચોરીનું કૌભાંડ ઝડપાઈ ગયુ હતુ.જેમાં પોલીસની તપાસમાં સુરત મગદલ્લા પોર્ટ ખાતેથી કોલસો ટ્રકમાં ભરી ભરૂચના દહેજ ખાતેની જીએસીએલ નાલ્કો અલ્કાઈસ એન્ડ પ્રા.લી.માં લઈ જતાં હતા.પરંતુ ટ્રાન્સપોર્ટર અને ટ્રક ચાલકો સાથે સાંઠગાંઠ કરી ઈમ્પોર્ટેડ કોલસાની ચોરીને અંજામ આપી રહ્યા હતા.પોલીસે ઘટના સ્થળ પરથી વજ ભીમાભાઈ માલક્યિા,ટ્રક ચાલક રાજેન્દ્ર શ્રીરામકાલુ સરોજ, ટ્રક ચાલક રોહિત લાલાભાઈ કટારા, ટ્રકનો ક્લીનર અજય કટારા, રઈશ અફસર અલી, શેરૂ રાયસીંગ અમલીયાર, અજમલ હુસેન રેશમ અલીની ધરપકડ કરી હતી. એલસીબી પોલીસે ૭ આરોપીની ધરપકડની સાથે ટ્રકમાં ભરેલ ઈમ્પોર્ટેડ કોલસો,ચાર ટ્રક,એક લોડર, કાર,તેમજ બાઈક થતા મોબાઈલ ફોન મળીને કુલ રૂપિયા ૬૯ લાખ ૨૩ હજાર ૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આરોપી ઓની પૂછપરછમાં ચોંકાવનારી હકીકત બહાર આવી હતી.ભેજાબાજ કોલસા માફિયાઓ ટ્રકમાંથી કોલસો ચોરીને તેમાં સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢની માટી તેમજ ફલાયસ મિક્સ કરી કૌભાંડને અંજામ આપતા હતા.પોલીસે ગોડાઉનમાં રહેલ ૯૦ ટન કોલસો જેની કિંમત રૂ.૬ લાખ ૨૧ હજાર, તેમજ થાનની માટી ૩૫ ટન રૂ.૨૪,૫૦૦ તથા ફલાયસ ૨૦ ટન રૂ.૧૨ હજારનો જથ્થો ગોડાઉન સાથે સીલ કયી હતો.આ અંગ અંકલેશ્વર રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ દર્જ કરી હતી.વધુ આરોપીઓની સંડોવણી અંગેની તપાસ પણ શરુ કરી હતી.

**DATE: 25/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### રહાડપોરમાં સ્કૂલવાન ચાલક પાસેથી 62 ગ્રામ એમડી ડ્રગ્સ મળવાનો મામલો

# આરટીઆઈ કરનારને ફસાવવા તેની કારમાં ભાજપના હોદ્દેદારે ડ્રગ્સ મૂકાવ્યાનો ઘટસ્ફોટ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના રહાડપોર ગામ રહેતાં અને સ્કૂલવાન ચલાવનાર યુવાનના શખ્સની ઈકોમાંથી ગત 8મી ઓગષ્ટના રોજ પોલીસે ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જોકે, સમગ્ર ઘટનામાં ચોંકાવનારો વળાંક આવ્યો છે. ભાજપના હોદ્દેદાર એવા રહાડપોર ગામના સરપંચના પતિએ જ તેને ફસાવવા માટે તેના સાગરિત સાથે મળી તેની કારમાં ડ્રગ્સ સંતાડ્યું હોવાનો ઘટસ્ફોટ થયો છે. જોકે, પોલીસે સરપંચના પતિની ધરપકડ કરતાં તેની પુછપછરમાં વડોદરાના ડ્રગ્સના સપ્લાયરનું નામ ખુલતાં ટીમે તેની પણ ધરપકડ કરી છે.

ભરૂચ પોલીસે 22 દિવસ પહેલાં 8મી ઓગષ્ટે રહાડપોર ગામેથી પ્રકાશ અંબાલાલ પટેલ નામના શખ્સની ધરપકડ કરી હતી. પોલીસને તેની સ્કૂલઈકોમાંથી 62 ગ્રામ એમડી



ડ્રગ્સ તેમજ ડ્રગ્સ પેક કરવાની થેલીઓ, વજન કાંટો મળી આવ્યો હતો. પોલીસે તેની પુછપછર કરતાં તેની પાસેથી મળી આવેલાં ડ્રગ્સને લઈને તે અજાણ હોવાની કેફિયત કરતો હતો. ઉંડાણપુર્વક તપાસ બાદ પણ તેની પાસેથી કોઈ ચોક્કસ વિગતો ન મળતાં કોઈએ તેની કારમાં ડ્રગ્સ મુક્યું હોવાની શંકા ઉદ્ભવતાં પોલીસે તે દિશામાં પણ તપાસ શરૂ કરી હતી. અરસામાં પોલીસને ચોંકાવનારી વિગતો મળી હતી. રહાડપોરના સરપંચના પતિ અને પૂર્વ ડેપ્યુટી સરપંચ અને ભરૂચ ભાજપ લઘુમતિ મોરચાના મહામંત્રી ગુલામ ફરીદ અબ્દુલ્લા પટેલે તેની કારમાં ડ્રગ્સ મુકાવ્યું હોવાનો ઘટસ્ફોટ થયો હતો.

## આરોપીઓની ઓળખ પરેડ બાકી છે

એમડી ડ્રગ્સના કેસમાં ગુલામફરીદ પટેલ તેમજ વડોદરાના આફતાબ ઉર્ફે અપ્પુ સિકંદર શેખની ધરપકડ કરાઈ છે. જ્યારે અહેમદખાન ઉર્ફે શાહરુખ જ્યુડિશીયલ કસ્ટડીમાં છે. તેનો કબજો મેળવી આરોપીઓની ઓળખ પરેડ કરવાની બાકી છે. જે બાદ સમગ્ર કેસમાં સ્પષ્ટતા થશે. મામલામાં હજી ચોક્કસ પુરાવા એકત્ર કરાઈ રહ્યાં છે. જે બાદ સમગ્ર કેસમાં સ્પષ્ટતા થશે. »
વામન ભરવાડ, પીઆઈ, તપાસ અધિકારી.

## ડ્રગ્સ ડિલરને વડોદરા એસઓજીએ પકડ્યો

ઝડપાયેલા શાહરૂખે વડોદરાના આફતાબ પાસેથી ડ્રગ્સની ખરીદી કરી હતી. દરમિયાનમાં વડોદરા એસઓજીની ટીમને ચોક્કસ માહિતી મળી હતી કે, આફતાબ તાંજલજા રોડ આવેલા મેડિકલ પાસે ઉભો છે. જેથી ટીમે તુરંત એક્શનમાં આવી તેને દબોચી લીધો હતો.

પોલીસે તેને ઝડપી પાડી પુછપરછમાં ભાંગી પડતાં તેણે પ્રાથમિક તબક્કે જણાવ્યું હતું કે, પ્રકાશ અવાર નવાર આરટીઆઈ કરતો હોવાથી તેનો કાંટો કાઢવા તેણે રહાડપોરમાં જ આશિયાના પાર્ક ખાતે રહેતાં અહેમદખાન ઉર્ફે શાહરુખ શોકતખાન પઠાણનો સંપર્ક કર્યો હતો. તેણે શાહરૂખને 4 લાખ રૂપિયા આપવાનું નક્કી કર્યું હતું. જે બાદ 3.50 લાખ આપ્યાં હતાં. અને શાહરૂખે વડોદરાથી આફતાબ પાસેથી ડ્રગ્સ લાવી તેની કારમાં મુક્યું હોવાની કબુલાત કરી હતી. ભરૂચ સી ડિવિઝન પોલીસે વડોદરાના આફતાબની પણ ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.